સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની બીસીકે-૭૮ કુમાર/કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૧/૫૧૬૪૪૭/ન.બા.૬૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૮/૦૪/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૭/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૧-૨૨/૪૧૪૮

આમુખઃ-

વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની બી.સી.કે-૭૮ અને બી.સી.કે-૮૧ તથા વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટેની બી.સી.કે-૧૩૭ અને બી.સી.કે-૧૩૮ યોજનાઓ હેઠળ શિક્ષણમાં પ્રોત્સાહન આપવા વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- આવક મર્યાદા અને કન્યાઓ માટે આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય હોસ્ટેલર/ડેસ્કોલર વિદ્યાર્થીઓને એસ.એસ.સી પછીના તબીબી, ઈજનેરી વગેરે ડીગ્રી અને ડીપ્લોમા જેવા અભ્યાસક્રમો માટે જુથ A થી E માટે સરકારે નક્કી કરેલા દર મુજબની શિક્ષણ ફી અને પરીક્ષા ફી ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે A થી E ગ્રુપવાર જે પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમ માટે જે નિભાવભથ્થાના દર અમલમાં છે તેની વિગતો નીચે મુજબ છે. ઉપર્યુકત યોજનાઓમાં નીચેની વિગતોએ ગ્રુપવાઇઝ નિભાવ ભથ્થુ આપવામાં આવે છે:

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર/ કન્યા | ગ્રુપ | નિભાવભથ્થાના દર રૂ. | | વાર્ષિક આવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | બીસીકે-૭૮ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કન્યા માટે | એ | ૨૮૦/- | ૧૨૫/- | કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. | | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વનિર્ભર કોલેજો, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૨ | બીસીકે-૧૩૭ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કન્યા માટે | એ | ૨૮૦/- | ૧૨૫/- | | | |
| | | | | બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૩ | બીસીકે-૮૧ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કુમાર માટે | એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્ય | શહેરી | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂ.૧.૨૦ લાખ | રૂ.૧.૫૦ લાખ | |
| | | | | સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૪ | બીસીકે-૧૩૮ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કુમાર માટે | એ | ૨૮૦/- | ૧૨૫/- | | | |
| | | | | બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |

૨. હાલમાં જુદી જુદી ચાર યોજનાઓ હોવાના કારણે વિદ્યાર્થીઓને ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે મુશ્કેલી ઉદભવે છે. યોજનાઓનું અમલીકરણ સરળ રીતે કરી શકાય તે માટે ચારેય યોજનાઓને મર્જ કરી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની "પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" ના નામથી એક જ યોજના અમલમાં મુકવામાં આવે તે માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી. વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ થઇ જાય છે. ઉક્ત દરખાસ્તને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નીચેના પત્રક-અ મુજબના હોસ્ટેલર-ડેસ્કોલરના ગ્રુપવાર વાર્ષિક દરો, આવક મર્યાદા, શિષ્યવૃત્તિ મળવાપાત્ર શૈક્ષણિક સંસ્થાઓની વિગત તથા પત્રક-બ મુજબ ગ્રુપવાર અભ્યાસક્રમની વિગતો અનુસાર વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની બી.સી.કે-૭૮ અને બી.સી.કે-૮૧ તથા વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટેની બી.સી.કે-૧૩૭ અને બી.સી.કે-૧૩૮ યોજનાઓ એમ કુલ ચાર યોજનાઓને મર્જ કરી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની "પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" ના નામથી એક જ યોજના અમલમાં મુકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

પત્રક-અ

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર/ કન્યા | ગ્રુપ | નિભાવભથ્થાના દર રૂ. (વાર્ષિક) | | વાર્ષિક આવક મર્યાદા | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર | ડેસ્કોલર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | સા.શૈ.પ.વ./ વિચરતી વિમુક્ત | કુમાર/ કન્યા | એ | ૫૦૦૦/- | ૨૦૦૦/- | કુમાર માટે ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- આવક મર્યાદા તથા કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો/ યુનિવર્સિટી, સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | બી | ૩૫૦૦/- | ૨૦૦૦/- | | |
| | | | | સી | ૩૫૦૦/- | ૨૦૦૦/- | | |
| | | | | ડી | ૩૨૦૦/- | ૧૫૦૦/- | | |

પત્રક-બ

ગ્રુપ A : ડીગ્રી અને અનુસ્નાતક કક્ષાના વ્યવસાયિક અભ્યાસક્રમો એટલે : (૧) મેડિસિન, ઇજનેરી, ટેકનોલોજી, પ્લાનીંગ, આર્કિટેક્ચર, ડિઝાઇન, ફેશન ટેકનોલોજી, એગ્રીકલ્ચર, વેટરનરી અને આનુષાંગિક વિજ્ઞાનો, મેનેજમેન્ટ, બિઝનેસ ફાઇનાન્સ / એડમિનિસ્ટ્રેશન, કમ્પ્યુટર સાયન્સ / એપ્લિકેશન, (૨) મેનેજમેન્ટ અને મેડિસિન્સની વિવિધ વિદ્યાશાખાના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો (3) C.A./I.C.W.A./C.S./I.C.F.A. વગેરે (૪) ગ્રુપ ૧, ગ્રુપ ૨ અને ગ્રુપ ૩

અભ્યાસક્રમોના એમ.ફિલ., Ph.D. અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો (D.Lit., D.Sc. વગેરે) (૪) L.L.B, ઇન્ટિગ્રેટેડ L.L.B, L.L.M.

ગ્રુપ B : ડીગ્રી, ડિપ્લોમા અને સર્ટિફિકેટ અપાવતા વ્યવસાયિક અભ્યાસક્રમો એટલે : ફાર્મસી (બી.ફાર્મ), નર્સિંગ (બી. નર્સિંગ), BFS, રિહેબિલિટેશન, ડાયગ્નોસ્ટિક્સ વગેરે જેવી અન્ય પેરા-મેડિકલ વિદ્યાશાખા, માસ કમ્યુનિકેશન, હોટેલ મેનેજમેન્ટ અને કેટરીંગ, ટ્રાવેલ / ટુરિઝમ / હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, ઇન્ટિરીયર ડેકોરેશન, ન્યુટ્રિશન અને ડાયટેટિક્સ, કોમર્શિયલ આર્ટ, ફાઇનાન્સિયલ સર્વિસીસ (દા.ત. બેન્કિંગ, વીમો, ટેક્સેસન ઇત્યાદિ) વગેરેમાં એમ.એડ /એમ. ફાર્મા, ડિપ્લોમા અને સર્ટિફિકેટ અપાવતા વ્યવસાયિક અભ્યાસક્રમો જેમાં પ્રવેશ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત સિનિયર સેકન્ડરી (૧૦+૨) છે.

ગ્રુપ C : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો એટલે : ગ્રુપ ૧ અને ગ્રુપ ૨ હેઠળ નહિ આવરી લેવાયેલ અભ્યાસક્રમો દા.ત. B.A / B.Sc. / B.Com વગેરે. M.A/ M. Sc./ M.Com વગેરે.

ગ્રુપ D : ધોરણ-૧૧ અને ૧૨.

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે:

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં

આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) **આ યોજનાને** CM Dash Board સાથે લિંક કરવી.

(૧૦) Social Audit **અને** Third party verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૩) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૪) આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધવવાની રહેશે.

(૧૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૬) ઉક્ત સુધારેલા દરો નવા શૈક્ષણિક સત્રથી જ અમલી બનશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નીચે મુજબના બજેટ સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે:

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૨ |
| મુખ્ય સદર | ૨૨૨૫ અનુ.જાતિ/જનજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | ૦૩- પછાત વર્ગનું કલ્યાણ |
| ગૌણ સદર | ૨૭૭ શિક્ષણ |
| પેટા સદર | (૦૧) બીસીકે- ૭૮-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ